# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-10-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

- સુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ અને દાનવીર રતન ટાટાનું 86 વર્ષની વયે મુંબઇમાં અવસાન
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસની લાઓસની મુલાકાતેઃ આસિયાન-ઇન્ડિયા અને ઇસ્ટ એશિયા શિખર સંમેલનમાં હાજરી આપશે
- નાગરિકોને સરકારની વ્યાપક સેવાઓ સરળતાથી મળી રહે તે માટે ઉમંગ એપને ડિજિલોકર સાથે સંકલિત કરવામાં આવશે
- આજે વિશ્વ માનસિક આરોગ્ય દિવસ છે.: આ વર્ષની વિષય વસ્તુ છે કામકાજના સ્થળે માનસિક આરોગ્ય
- ભારતે બાંગલાદેશને બીજી ટી-20 મેચમાં 86 રનથી હરાવીને શ્રેણી 2-શૂન્યથી જીતીઃ ટી-20નાં ઇતિહાસમાં બાંગલાદેશ સામે સૌથી વધુ સરસાઇથી જીતનો વિક્રમ
- ICC મહિલા T20 વર્લ્ડ કપમાં, ભારતે શ્રીલંકાને 82 રને હરાવીને મહિલા T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં તેનો સૌથી મોટો વિજય નોંધાવ્યો .

*************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RATAN TATA-1

સુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ અને દાનવીર રતન ટાટાનું ગઇકાલે રાત્રે મુંબઇમાં અવસાન થયું હતું. તેઓ ૮૬ વર્ષનાં હતા. તેઓ છેલ્લાં કેટલાંક દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા અને ગંભીર સ્થિતિમાં હતા. એક નિવેદનમાં ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને શ્રી ટાટાનાં અવસાનની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું કે, ઉત્કૃષ્ટતા, નિષ્ઠા અને નવીનીકરણ પ્રત્યેની અતૂટ પ્રતિબધ્ધતા સાથે રતન ટાટાનાં નેતૃત્વમાં ટાટા જૂથે તેની વૈશ્વિક ઉપસ્થિતિનું વિસ્તરણ કર્યું અને હંમેશા પોતાનાં નૈતિક દાયરા પ્રત્યે નિષ્ઠાવાન રહ્યા. તેમનાં પરિવારનાં સભ્યોએ જણાવ્યું કે, રતન ટાટાની વિનમ્રતા, ઉદારતા અને ઉદ્દેશનો વારસો ભાવિ પેઢીને પ્રેરિત કરતો રહેશે. મહારાષ્ટ્ર સરકારે સ્વર્ગસ્થ રતન ટાટાના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવાની જાહેરાત કરી છે.

રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રીરાજનાથ સિંહે રતન ટાટાનાં અવસાન બદલ શોક વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિ મુર્મુએ એક સંદેશામાં જણાવ્યું છે કે, રતન ટાટાના અવસાનથી ભારતે એવા પ્રતિકને ગુમાવ્યો છે, જેમણે કોર્પોરેટ વિકાસને રાષ્ટ્ર નિર્માણ અને ઉત્કૃષ્ટતાને નૈતિકતા સાથે જોડ્યાં.

એક સોશિયલ મિડિયા પોસ્ટમાં શ્રી મોદીએ રતન ટાટાને દૂરદર્શી ઉદ્યોગપતિ, દયાળુ વ્યક્તિ અને અસાધારણ વ્યક્તિ ગણાવ્યા છે.

રતન ટાટા, ટાટા સન્સના ચેરમેન એમિરેટ્સ અને ટાટા ટ્રસ્ટના ચેરમેન હતા. ભારતના સૌથી પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિમાં સ્થાન પામતા ટાટાએ બે દાયકાથી વધુ સમય સુધી ટાટા સન્સના ચેરમેન તરીકે કાર્ય કર્યુંહતું.

તેઓ ટાટા ટ્રસ્ટનાં માધ્યમથી સખાવતી કાર્યોમાં ખૂબ રસ લેતા હતા. તેમને પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ સહિતનાં અનેક ટોચનાં સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

# CABINET

કેન્દ્ર સરકારે આરોગ્ય, સંસ્કૃતિ અને સલામતી ક્ષેત્ર માટે ત્રણ મહત્વના નિર્ણયો લીધા છે. ગઈકાલે કેન્દ્રિય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે જણાવતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, દેશની સરહદી વિસ્તારની સલામતી સુનિશ્ચિત કરવા ચાર હજાર, 400 કરોડ રૂપિયાના ખર્ચે રાજસ્થાન અને પંજાબના આંતરાષ્ટ્રીય સરહદી વિસ્તારોમાં બે હજાર, 280 કિલોમીટરની લંબાઈના માર્ગો તૈયાર કરાશે. આના લીધે ગ્રામીણ ક્ષેત્રમાં સંપર્ક અને સરહદી વિસ્તારોમાં સલામતી દળોની હેરફેરમાં સુગમતા વધશે.

એવી જ રીતે વિકાસની સાથે વારસાની પહેલ અંતર્ગત ગુજરાતના લોથલ ખાતે રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલનું નિર્માણ કરાશે. શ્રી વૈષ્ણવે કહ્યું કે, સુચિત સંકુલ દેશના દરિયાઈ વારસાની સમૃધ્ધિનો પરિચય આપશે.

લોથલ ખાતેનું સૂચિત સંકુલ પૂર્ણ રીતે તૈયાર થતાં વિશ્વનું સૌથી મોટું અને ભારતના દરિયાઈ વારસાનો પરિચય આપતું સંકુલ બનશે. મુલાકાતીઓને ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાનો પરિચય આપવા માટે પાંચ પરિમાણવાળો દૃશ્ય-શ્રાવ્ય કક્ષ તૈયાર કરાશે.

(બાઇટ અશ્વિની વૈષ્ણવે)

# PM - LAOS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી લાઓસની મુલાકાતે જશે. તેઓ વીએતિયાનીમાં 21મી આસિયાન – ભારત શિખર પરિષદ અને 19મી પૂર્વ એશિયા શિખર પરિષદમાં ભાગ લેશ. વિદેશ મંત્રાલયના સચિવ જયદીપ મઝૂમદારે ગઈકાલે દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, લાઓસના પ્રધાનમંત્રી સોનેક્સાય સિફાન્ડોનના આમંત્રણથી પ્રધાનમંત્રી મોદી લાઓસ જવાના છે.

લાઓસની મુલાકાત દરમિયાન શ્રી મોદી આસિયાન દેશોના વડાઓ સાથે પ્રાદેશિક અને દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરશે.

# REV PREZ – VISIT-1

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ રવિવારે અલ્જીરીયા, મોરિટાનિયા અને મલાવીની સાત દિવસની સત્તાવાર મુલાકાતે જશે. પ્રથમ તબક્કામાં 13થી 15મી ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મુ અલ્જીરીયાની મુલાકાત લેશે. તેઓ અલ્જીરીયાના રાષ્ટ્રપ્રમુખ અબદેલમાદજીદ ટેબોને સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ ભારત – અલ્જીરીયા આર્થિક મંચ અને સીદી અબ્દેલ્લાહ વિજ્ઞાન ટેકનોલોજી યુનિવર્સિટી ખાતે સંબોધન કરશે.

બીજા તબક્કામાં રાષ્ટ્રપતિ 16મી ઓક્ટોબરે મોરિટાનિયાની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મોરિટાનિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે તેમજ ત્યાં વસતા ભારતીયો સાથે સંવાદ કરશે. ત્યારબાદ તેઓ મલાવીની 17થી 19 ઓક્ટોબરે મુલાકાત લેશે. તેઓ મલાવીના રાષ્ટ્રપ્રમુખ તેમજ ત્યાંના વેપાર અને ઉદ્યોગોના પ્રતિનિધિઓ અને ત્યાં વસતા ભારતીયો સાથે સંવાદ કરશે.

વિદેશમંત્રાલયના સચિવ દમ્મુ રવિએ ગઈકાલે દિલ્હીમાં જણાવ્યું હતું કે, ભારત આફ્રિકા સાથે મજબૂત સંબંધોની તરફેણ કરે છે. તેમણે કહ્યું કે, 54 દેશો ધરાવતો આફ્રિકા વિકસિત દેશોમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

ભારત વિકસિત દેશોના વિકાસને ટોચની અગ્રતા આપી રહ્યો છે. આના ભાગરૂપે ભારત અને આફ્રિકાના દેશો સાથેના આર્થિક સંબંધો મજબૂત બની રહ્યા છે. શ્રી રવિએ વધુમાં કહ્યું કે, ભારત અને આફ્રિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષે 100 અબજ ડોલરથી વધી રહ્યો છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# DIGILOCKER UMANG

નેશનલ ઇ-ગવર્નન્સ ડિવિઝને જાહેરાત કરી છે કે, નાગરિકોને સરકારની વ્યાપક સેવાઓ સરળતાથી મળી રહે તે માટે ઉમંગ એપને ડિજિલોકર સાથે સંકલિત કરવામાં આવશે. ઇલેક્ટ્રોનિક અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું છે કે, આ જોડાણથી વપરાશકારો એક જ પ્લેટફોર્મ દ્વારા અનેક સેવાઓનો લાભ લઈ શકશે.

ઉમંગ એપ તમામ એન્ડ્રોઇડ વપરાશકારો માટે ઉપલબ્ધ છે અને ડિજિલોકર એપ દ્વારા તેની સેવા મેળવી શકાય છે. ડિજિલોકર એ ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળની મહત્વની પહેલ છે, જેનો હેતુ જરૂરી દસ્તાવેજોનો ક્લાઉડ આધારિત સંગ્રહ કરવાનો છે. ઉમંગ એપ તમામ નાગરિકોને કેન્દ્ર સરકારથી માંડીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ઇ-ગવર્મેન્ટ સર્વિસ પૂરી પાડે છે.

# WORLD MENTAL HEALTH DAY

આજે વિશ્વ માનસિક આરોગ્ય દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આ દિવસ મનાવવા પાછળનો હેતુ માનસિક આરોગ્યની સમસ્યા અંગે જાગૃતિ ફેલાવવાનો અને માનસિક આરોગ્ય સંભાળનાં સમર્થનમાં પ્રયત્નો કરવાનો છે.

આ વર્ષની વિષય વસ્તુ છે કામકાજના સ્થળે માનસિક આરોગ્ય- જે કામકાજનાં સ્થળે માનસિક આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવા, તેની સાથે સંકળાયેલા જોખમનાં નિવારણ અને જરૂરિયાત ધરાવતા લોકોને મદદ પર જેવા ઉપાયોની દિશામાં સામૂહિક પગલાં પર ભાર મૂકે છે.

# MEN’ST- 20- CRICKET

ભારતે બાંગલાદેશ સામેની બીજી ટી-20 મેચમાં ગઇકાલે 86 રનથી ભવ્ય વિજય મેળવીને ત્રણ મેચોની શ્રેણી 2-0થી જીતી લીધી છે. નવી દિલ્હીનાં અરૂણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલીઆ મેચમાં જીત સાથે ભારતે ટી-20નાં ઇતિહાસમાં બાંગલાદેશ સામે સૌથી વધુ સરસાઇનો વિક્રમ સર્જ્યો છે. અગાઉ તેણે ટી 20 વર્લ્ડકપમાં 50 રનથી વિજય મેળવ્યો હતો. 222 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા બાંગલાદેશે મર્યાદિત 20 ઓવરમાં નવ વિકેટે 135 રન કર્યા હતા. મહમુદુલ્લાહે સૌથી વધુ 41 રન કર્યા હતા.

ભારત વતી નિતિશ રેડ્ડીઅને વરૂણ ચક્રવર્તીએ બે-બે વિકેટ લીધી હતી. અગાઉ ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં નવ વિકેટે 221 રનકર્યા હતા. નિતિશ રેડ્ડીએ સૌથી વધુ 74 રન કર્યા હતા, જ્યારે રિન્કુ સિંહે 53 અને હાર્દિક પંડ્યાએ 32 રન કર્યા હતા.

બાંગલાદેશ વતી રિશદ હોસેને ત્રણ વિકેટ લીધી હતી. નિતિશ રેડ્ડીને ઓલ રાઉન્ડ દેખાવ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. ત્રીજી અને અંતિમ ટી-20 મેચ શનિવારે સાંજે સાત વાગ્યાથી હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે..

# WOMEN T 20

ICC મહિલા T20 વર્લ્ડકપમાં, ભારતે ગઈકાલે રાત્રે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિય ખાતે ગ્રુપ 'A' મેચમાં શ્રીલંકાને ૮2 રને હરાવીને મહિલા T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં તેનો સૌથી મોટો વિજય નોંધાવ્યો હતો. મહિલા T20 વર્લ્ડ કપમાં રનના સંદર્ભમાં ભારતની આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે.

આ સાથે ગ્રુપ એમાં ભારત, પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ કરતાં આગળ નીકળી ગયું છે. ભારતીય મહિલા ટીમે ટોસ જીતીને બેટિંગ લીધી હતી. હરમનપ્રિત કૌરનાં 50 અને સ્મૃતિ મંધાનાનાં 52 રનની મદદથી ભારતે 172 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. શ્રીલંકા વતી ચામારી અથાપથુથુ અને અમા કંચનાએ એક-એક વિકેટ ઝડપી હતી.

173 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા શ્રીલંકા 19 ઓવર અને પાંચ બોલમાં 90 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. શ્રીલંકા વતી કવિશા દિલહારીએ સૌથી વધુ 21 રન કર્યા હતા. હરમનપ્રિત કૌરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. આજે ગ્રૂપ બીની મેચમાં શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે બાંગલાદેશ અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે મેચ રમાશે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોએ પીઢ ઉદ્યોગપતિ રતન તાતાના નિધનના સમાચારોને મુખ્ય મથાળા તરીકે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- દિવ્ય ભાસ્કર લખે છે – 'ભારેત રતન ગુમાવ્યું' - પીઢ ઉદ્યોગપતિ અને તાતા સન્સના વડા રતન તાતાનું 86 વર્ષની વયે મુંબઈમાં નિધન
- વધુમાં દિવ્ય ભાસ્કરે લખ્યું છે – રતન તાતાએ 2002માં નેનો પ્લાન્ટ થકી ગુજરાતની ઇમેજ બદલી હતી – એ સમાચારોન પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચાર લખે છે – દેશે ગુમાવ્યું મોંઘેરુ રતન –દીર્ઘદ્રષ્ટા ટાટાની ચિરવિદાય
- નવગુજરાત સમય લખે છે – ભારતે અણમોલ રતન ગૂમાવ્યું, દેશમાં શોકની લાગણી
- સંદેશ અખબારે – શીવસેનાના મુખપત્ર સામનામાં વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસની ટીકાના સમાચારોને મથાળા તરીકે સ્થાન આપ્યું છે – જેમાં લખ્યું છે – જીતની બાજી કેવી રીતે હારવી એ કોંગ્રેસ પાસેથી શીખો
- ભાડેથી મિલકત આપવાના સોદાઓમાં હવે 18 ટકા જીએસટી ચૂકવવો પડશે, રેસ્ટોરાંનો ખર્ચ વધવાની તેમજ વાનગીઓ પણ મોંઘી થવાની શક્યતા – આ સમાચારોને ગુજરાત સમાચારે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- 2035 સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશન સ્થપાશે એ સમાચારોને સંદેશે મુખ્ય સમાચારોમાં સ્થાન આપ્યું છે.
- અમેરિકાના ફ્લોરિડામાં સદીના સૌથી વિનાશક વાવાઝોડાનો ખતરો –રિઝર્વ બૅંકે યુપીઆઈ લાઇટ વૉલેટની મર્યાદા વધારીને 5 હજાર રૂપિયા કરી  - આ સમાચારોને નવગુજરાત સમયે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- ફૂલછાબ અખબાર લખે છે – રાજસ્થાન, પંજાબમાં પાકિસ્તાન સરહદે બનશે વ્યૂહાત્મક રોડ નેટવર્ક ઇન્ડિયન એક્સપ્રેસે - રતન ટાટા ફેરવેલ અને થેંક્યું –ટાઇમ્સ ઑફ ઇન્ડિયાએ – ઇન્ડિયા લોસ અ રતન – મથાળા તરીકે રતન તાતાના સમાચારોને સ્થાન આપ્યું છે.